ॐ

સનાતન વૈદિક ધર્માનુયાયી ચાતુર્વર્ણ્ય
સજ્જનોને માટે.

નિર્ગુણ સગુણ અભેદ.

ॐकार स्वरूप

॥ श्री महागणपति प्रार्थना. ॥

લેખક,
શારદાપીઠના બ્ર. બ્ર પૂર્ણાનન્દસ્વરૂપ મહારાજ

પ્રકાશક,
રવીશંકર ભોળાનાથ પંડયા.
દયાળ માળવીની વાડી-સુરત

કીમત રૂા. ૦-૧-૦

સુરત, જુની મુંબઇ એકવાળા મકાનમા આવેલા
'દેશી મિત્ર' એનજીન પ્રિન્ટીંગ પ્રેસમાં
મગનલાલ કીકાભાઈએ છાપ્યાં

ૐ

સુજ્ઞ બંધુઓ !!!

સત્સંગ પ્રભાવથી હૃદય કમલની ખિલાવટ થતા સનાતન વૈદિક ધર્મના સિદ્ધા તનૂ રહસ્ય સમજાય છે. અને પોતાના મનુષ્ય અવતારની સત્ય કર્ત્તવ્યતા સમજી શકાય છે આધુનિકકાળમા આપણા સનાતન વૈદિક ધર્મના સત્ય સિદ્ધાન્તોનુ રહસ્ય—જડવાદના ભુગળાના શોર બકોરમાં, બુદ્ધિની બધિરાવસ્થાએ, સમજાતું નથી કેમકે સ્વધર્મ ભક્તિમાન મબંધી યોગ્ય શિક્ષાઓ બાલ્યાવસ્થાથી મળતી નથી તેના પરિણામે પોતાના વર્ણાશ્રમ ધર્મની મર્યાદા અને ભક્તિ જ્ઞાનના અનુભવ રહસ્યો ગુપ્ત થવા લાગ્યા છે તે ઉપર ખાસ ધ્યાન આપવા, ચાતુર્વર્ણ્ય સજ્જન બધુઓ આ પ્રભુ પ્રાર્થનાને અનુકુળમાની બુદ્ધિભેદ ટાળી સનાતન વૈદિક મર્યાદા સેવશે એમ આશા રાખવામાં આવે છે. સવત ૧૯૭૧ના આષાઢ વદી ૬ રવીવાર.

દયાળ માળવીનીવાડી. } લેખક.
સુરત તા ૧-૮-૧૫



श्री गुरु गणेशो विजयतेतराम्



निर्गुण सगुण अभेद

॥ ॐकार स्वरूप श्री महागणपति प्रार्थना. ॥

“ शिखरीणि वृत्तम् ”

पिता माता बन्धु, अखिल रूप नारी[1] नर विभु;
[2]सहु पोते स्वामी, निज विण जणानुं नहि प्रभु;

---

१ त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उतवा कुमारी ॥ श्वे० उ० હે પરમાત્મન્ ! તમેજ સ્ત્રી સ્વરૂપ છો તમેજ પુરૂષ સ્વરૂપ છો. તમે બાળક સ્વરૂપ છો તમેજ બાળકી સ્વરૂપ છો વિગેરે.

२ सर्व खल्विदं ब्रह्म । श्रुतेः । નિશ્ચયથી આ સર્વ બ્રહ્મ સ્વરૂપ છે.

असारे संसारे, [३]जिवमति तणो भेदज अति;
कृपा दृष्टे जोशो, शरण गणशो श्री गणपति ॥१॥

नथी मारूं कोई, नहिंज जगमां आश्रय मने,
अति अन्यायी तो, पण शरणथी लाज तमने;
नथी पूजा ध्यानो, जप तप न को साधन रती,
कृपा दृष्टे जोशो, शरण गणशो श्री गणपति ॥२॥

नथी जोतो दृष्टे स्वरूपज "[४]गजाकार" श्रुतिथी

---

३ देहेषु मोहितो देही जीव इत्यभिधीयते। દેહ કલ્પનામા મોહ પામેલો દેહનો અભિમાની તેજ જીવ કહેવાય છે

४ ततश्चोमिति ध्वनिरभूत सवै गजाकारः। श्रु०। તેજ ૐ એ પ્રકારે ધ્વનિરૂપ થયો તેજ આ નિશ્ચય गजाकार= એટલે ગજના મુખ આકાર સમાન (મુખવાળા) પ્રભુ છે અથવા तत्त्वमसि મહા વાકય સ્વરૂપ-જેને વિષે આ જગત-જીવ ઈશ્વર-લય જાય છે એવો ग. અને જેને વિષે આ જગત જીવ-ઈશ્વર ઉત્પન્ન થાય છે એવો ज એમ ग અને ज મળીને જગત આદિનો ઉત્પત્તિ પ્રલય કર્ત્તા છે એવા આકાર ભાવથી ૐકારાકૃતિવાળો તે गजाकारः। ૐકાર સ્વરૂપજ છે

न सत्संगे जाणी श्रवणरस गाथा सुमतिथी
न चर्णोमां लोटी परमरज शिर्षे न स्पृशाति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥३॥

नथी वाणी गाती, हृदयगम हेरम्ब समजी;
उतार्यु ना कण्ठे, निज गुरु तणुं तीर्थज हजी;
हजु आ हाथोथी, शमि [1]सुमन दूर्वा न चढती;
कृपा दृष्टे जोशो, शरण गणशो श्री गणपति. ॥४॥

महा माया मोहो, षट[2] रिपु अति जोर करता;
बलात्कारे खेंची, निजबश करी लोभ[3] धरता;
भुलावी भ्रान्तिथी, प्रभु विमुख रास्ते क्रुरकृति;
कृपा दृष्टे जोशो, शरण गणशो श्री गणपति. ॥५॥

गयो जन्मारो जों, रमत रमतां बाल्मतिमां,
युवामां ना जाण्यो, प्रमथ मद छाक्यो कुमतिमां,
थतां वृद्धावस्था शिथिल तन थातां पिड थती;

---

१ સુમન—એટલે પુષ્પ

૨ ષટ્‌રિપુ—કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, મચ્છર—

૩ લોભ એટલે સ્વાર્થ પરાયણ વૃત્તિ—

कृपा दृष्टे जोशो, शरण गणशो श्री गणपति. ॥६॥

पराणे[1] प्रीतीथी, सरस नहि कार्यो सुधरतां;
जणातुं तो त्यागी, दृढतर थवा ना विचरतां;
प्रभु केमे तारो !! अखुट अपराधो तणी मति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥७॥

गुमावी [2]मुडी जो नर तन द्विजे देह धरतां;
नथी थाती हावे नविन करणी पुण्य करतां;
शुं थाशे ओ स्वामी !! क्यम करी टळे आ जीवगति
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥८॥

सदा क्लेशो द्वेषो रही मन मती द्वार [3]कुपता;
रजो निन्दा चाडी [4]पिशुन चुगली चोर क्रुपता
अती त्रासुं द्वैते अभयपद केरी क्यां गती;

---

૧ પરાણે એટલે બળાત્કારે

૨ મુડી એટલે જે પુણ્યપ્રભાવથી આ દ્વિજતનુની પ્રાપ્તિ થઇ છે તે પુણ્ય—

૩ કુપતા એટલે કોપ કરે છે

૪ પિશુનવૃત્તિ–ચુપકીથી તેજદ્વેષવૃત્તિ.

कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥९॥

छुटे कंपारो जो विषय भ्रम व्याप्ति ककळती;
अरे!! आ शुं थाशे! कदि नथी छतां [4]काय दमती;
महात्माना बोधो सतत परब्रह्मे प्रकथति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१०॥

अरे!! काया कीचे लपट लपटातां क्यम थशे;
जशे क्यारे भ्रान्ति स्वरुप समशा[5] शांति करशे;
अरे!! क्यारे पामुं [6]निगमपद आ पूर्वनी स्थिति
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥११॥

न जाणुं वेदोना गहन रस वाक्यार्थ विगते।
न शास्त्रोना मर्मो तद्रूप तदाकारज थते
न वेदान्ते प्रीति अनुभव तणी ल्हेर न थती

---

४ કાય એટલે કાયા અથવા શરીર

૫ સમશા–સમસ્યા–અથવા સંજ્ઞા

૬ નિગમ એટલે વેદમા વર્ણવેલી–આ સૃષ્ટિ પહેલા **सदेव सौम्येदमग्र आसीत्** અર્થાત્ આ સૃષ્ટિ પહેલાં બ્રહ્મજ હતું. તે સ્થિતિ મારી ક્યારે થશે.

कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१२॥

थतां द्वैतापत्ति[1] सभर अविनाशी विसरतां
ग्रही द्वैते भावो सुगम थइ द्वैते विरमतां
विकल्पो[2] वृद्धिथी अहमम[3] क्रिया घाट रचती
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१३॥

विकल्पे कल्पातुं कलन कलनामां नर तनु
अधिष्ठाने[4] थातुं अरर भ्रम आ छानुं छपनुं

---

૧ "यत्र द्वैतमिव भवति तादितर इतरं पश्यति" श्रुतेः। જ્યારે પોતેજ દ્વૈતરૂપ થાય છે ત્યારેજ ઇતરરૂપે ઇતર એટલે અન્યને જુએ છે એટલે સૃષ્ટિના આરંભ પહેલાં પ્રથમ એક અને અદ્વૈત છે એ વાત નિર્વિવાદજ છે.

૨ शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः। શબ્દ અને જ્ઞાનવડે ઓળખાણ બતાવતો પણ વસ્તુ સ્વરૂપે સદાએ શૂન્ય એટલે કંઈ નહિ અર્થાત્ કલ્પના માત્રજ તે વિકલ્પ છે

3 આ સ્થાને अहं मम જોઇએ પણ ગણ ગણના તુટી જાય છે માટે સુધારીને વાંચવુ

૪ અધિષ્ઠાન એટલે જે સત્ય સ્વરૂપ પરબ્રહ્મ ઉપર માયા એટલે અધ્યસ્તની કલ્પના કયલ્પા તે પરમાત્મા:—

जीवो[1] ब्रह्मैवे हो सरित[2] गम सिन्धु सम गती
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१४॥

शुकादि ऋष्यादि मुनिगण महा स्तोत्र भणता
विधी विष्णु शंभु निशदिन सदा ध्यान धरता
सगुणे निर्गुणे सम पद प्रकाशी प्रभु मती
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१५॥

विशेषे वेदान्ते [3]निज रुप असच्छक्ति वदता;
सदादित्ये सेवा विशति रुप विष्णु समगता;
शिवं तूर्य स्थायी अतित पति संज्ञा सुगमती;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१६॥

---

१ जीवो ब्रह्मैव नापरः। જીવજ બ્રહ્મ છે એથી બીજુ નથી.

२ સરિત એટલે સરિતા અથવા નદી

3 ब्रह्म सोयमात्मा चतुष्पादः। श्रुते। તે બ્રહ્મના ચાર પાદ છે. १ असत ब्रह्मपाद, २ सत् ब्रह्मपाद, ३ सम ब्रह्मपाद, ४ तूर्य ब्रह्मपाद એમ ચાર પાદ જેના છે તે પાચમો અથવા ચાર પાદથી રહિત તે પાંચમો સ્વયપ્રકાશ–નિજસ્વરૂપ પચમપાદ–તૂર્યાતીત ૐકાર નામાત્મક. ૐકાર સ્વરૂપાત્મક ૐકારાકૃતિ સ્વરૂપ પોતે પરબ્રહ્મ પરમાત્માજ છે.

[२]अनादि आद्यन्ते निजविण नहीं अन्य वदतां;
प्रभु पोते वासो सकळ महिमामां स्थिर थतां;
कृपाळुनी दृष्टि अगमनिगमे आद्य दगति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१७॥

श्रुति स्मृत्यादिनो अखुट रस ते आपज दिसो
पुराणोना भावो तदरूप तदाकार विलसो;
प्रसिद्धि वेदोमा [३]प्रणवरूप गाता गुण [४]यति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१८॥

[५]त्रिगुणो त्रिदेवो त्रिपद जिवने मायिक भणो;
त्रिपादोनो साक्षी शिव इति च तूर्य दृग गणो;

---

२ अव्यक्तादीनि भूतानी અને अव्यक्तानिधनान्येव એટલે આ-
દિઅંત પરમાત્માજ છે

૩ પ્રણવરૂપ એટલે ૐકાર સ્વરૂપજ છે

૪ યતિ એટલે સન્યાસી-તૂર્યપાદ બ્રહ્મસ્વરૂપ

૫ સત્વ, રજ, તમ એ ત્રિગુણો છે બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર એ ત્રણે ઈશ્વરાંશો છે અથવા સમષ્ટિના અધિપતિ કર્ત્તા ધર્ત્તા અને હર્ત્તા રૂપ દેવો છે વિશ્વ, તૈજસ, અને પ્રાજ્ઞ એ ત્રણે જીવો છે તે સર્વ માયામય છે ચોથો તૂર્ય ઈશ્વર શિવ છે અને પાચમો તર્યાતીત ગણેશ ૐકાર સ્વરૂપ છે

प्रभो !! तूर्यातीते सकळगत ॐ ॐ निवसति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥१९॥

प्रभु "ॐ" ॐकारे चतुरपद वेदो वरणवे;
सदा [1]ज्येष्ठो श्रेष्ठो निगम तूर्यातीतज स्तवे
सहु रूपे पोते सहु थकी अतीते [2]निजपति
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२०॥

नथी माया भ्रान्ति जीव इश तणी छेज कल्पना
नथी हुं तुं ने तो जगत रचना ए विकल्पना
न साक्षी त्रीपादो सहु स्वरूप आपे प्रियपति;
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२१॥

महा वेदान्ते जो अकल व्यतिरेकान्वय गणी
प्रबोधे ज्ञाताना ललितपद सत्यार्थज भणी

---

१ ज्येष्ठ राजं ब्रह्मणां ब्रह्मणस्पति । श्रुतेः ।
२ पति पतीनां परमं पुरस्तात् । श्रुतेः ।

प्रभु पोते वासो स्वयमपि[3] सदाए निधिपति
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२२॥

स्वयं ब्रह्मा[4] विष्णु शिव शशिज वन्हीन्द्रथी वसो
रवी वायु वृक्षो जल थल पशु पक्षि विलसो
नरो नारी बालो अखिल सम योगी प्रियपति[5]
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२३॥

कृपासिन्धु स्वामी परमपद ब्रह्मात्मज विभु
अभेदात्मा सिद्धि पतिचरण सेवा निज प्रभु

---

३ नाहमिदं नाहमदोऽप्युभयोरवभासकं परं शुद्धम् । बाह्याभ्यंतर शून्यं पूर्ण ब्रह्माद्वितीयमेवाहम् । वि० । હું આ પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય નથી. તેમ હું તે પરોક્ષ જ્ઞાનનો વિષય પણ નથી, પણ તે બનેનો પ્રકાશક પરમસ્વરૂપ, અતિ પવિત્ર. બહાર અને અતરની કલ્પનાથી રહિત, કેવળ પૂર્ણ (સ્વયપ્રકાશ) અદ્વિતીય બ્રહ્મજ છું.

४ स ब्रह्मा स शिवः सेन्द्रः सोक्षरः परमः स्वराट् ।
स एव विष्णुः स प्राणः स कालाग्निः स चन्द्रमाः । श्रुतेः।

५ प्रियाणान्त्वा प्रियपति हवामहे । श्रुतेः ।

परी पूर्णानन्द स्वरूप गणस्वामि[1] प्रियपति
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२४॥

नमीने पादाब्जे दिननिश करे को जन कदी
स्तुति पूजाध्याने परमपद पामे, दृढ यदी
जीवन्मुक्ति जाणी निरतिशय लक्षातीत गती
कृपा दृष्टे जोशो शरण गणशो श्री गणपति ॥२५॥

॥ ॐ तत्सत् हेरम्बार्पणम ॥

સમાપ્ત

---

१ ब्रह्मादि गणानामिश भूतमित्याह तत् गणेशः । श्रुतेः । બ્રહ્માને આધ લઈને બ્રહ્માગણ, વિષ્ણુગણ, રૂદ્રગણ, ઈંદ્ર-ગણ, પશુગણ, પક્ષિગણ, પાષાણગણ, ગંધર્વગણ, કિન્નરગણ, મનુષ્યગણ, આદિ અનંત બ્રહ્માંડગણનો જે ઇશ-ઇશ્વર છે તે ગણેશ અથવા ગણસ્વામી છે.

શ્રી ગણપતિ મંદિર લુણાવાડા તરફથી સનાતન વૈદિક ધર્મના ભક્તિજ્ઞાનને માટે પ્રગટ થયેલા ગ્રંથોની યાદી—

स्वानंद ब्रह्मविलास काव्यमाळा (वेदान्त)	१-४-०
,, भाग २ जो (वेदान्त)	१-४-०
अद्वैत चिन्तामणि	२-०-०
निरालम्बोपनिषद्-मूळ मंत्र गुजराती टीका	०-६-०
गणेश अथर्वशीर्ष-ગુજરાતી ભાષ્ય સાથે	०-८-०
स्वानंद महोदधि काव्यमाळा	१-८-०
गुरु गीता ભૂળ ટીકા સાથે	०-४-०
सनातन धर्म भास्कर	०-६-०
गणेश महिम्न ટીકા સાથે	०-२-०
कलि दिग्दर्शन ભૂળ ટીકા સાથે	०-२-०
जीवन्मुक्त विलास ગુજરાતી કાવ્ય	०-१-०
ॐकार ब्रह्म उपासना અને मूर्तिपूजा	२-८-०
प्रणवदर्शन-प्रणवदर्शन रहस्य-ब्रह्मांडवृक्ष (નકશા ૩ ના)	०-४-६
ब्रह्म कर्मोपासना	વિના મૂલ્ય.

પુસ્તક મળવાનાં ઠેકાણું—

શ્રી ગણપતિ મંદિર લુણાવાડા અથવા
શ્રી શારદાપીઠના પ્ર. પ્ર. શ્રી સદ્ગુરૂ શ્રી પૂર્ણાનંદ
સ્વરૂપ મહારાજના મુકામપર મળશે.